# હૃદયની પ્રેરણા

## ઈશા સરદેસાઈ દ્વારા વર્ણિત એક પ્રસંગ

રવિવાર, ૧૧ મે, ૨૦૧૯ના દિવસે, માતૃદિવસ અને ‘ચિત્‌શક્તિ વિલાસ’ની પચાસમી વર્ષગાંઠના સન્માનમાં, એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશને સીધા વિડીઓ પ્રસારણ દ્વારા શ્રીગુરુમાઈ સાથે એક સત્સંગનું આયોજન કર્યું હતું. ગુરુમાઈજીએ આ સત્સંગનું શીર્ષક આપ્યું હતું : ‘‘પ્રેમ શાશ્વત છે.’’

આ કાર્યક્રમમાં એક પછી એક સુંદર ક્ષણ એકબીજા સાથે એકસૂત્રમાં પરોવાયેલી હતી. આ સત્સંગમાં જેમણે ભાગ લીધો હતો, તેમણે જણાવ્યું કે કેવી રીતે તેમને ગહન અને રૂપાંતરણકારી અનુભવ થયા હતા — ગુરુમાઈજીની કૃપા, ગુરુમાઈજીની શિખામણો, ગુરુમાઈજીના સંગીત દ્વારા કેવી રીતે તેમના હૃદયની દિવાલો ભેદાઈ ગઈ હતી, જેથી પ્રેમ, ‘શાશ્વત પ્રેમ’ ઝરણાંની જેમ તેમની સત્તામાં વહી શકે. જ્યારે ગુરુમાઈજીની ઉત્કૃષ્ટ કવિતા, ‘એક માતાનું અભિમાન’ વાંચી સંભળાવવામાં આવી, ત્યારે શ્રી નિલયમાં ભાગ્યે જ કોઈ એવું હતું જેની આંખો ભીની ન હોય.

આ સત્સંગ દરમ્યાન, એક એવી વિશેષ ક્ષણ આવી જે વિશિષ્ટરૂપે ગુરુ-શિષ્ય સંબંધને દર્શાવતી હતી, અને આપવા-લેવાના એ ચક્રને દર્શાવતી હતી જે આ સંબંધને આધાર આપે છે. આ પ્રસંગમાં શિષ્ય, એક સત્તર મહિનાનું બાળક હતું. તે પોતાની માતા સાથે શ્રી નિલયના આગળના ભાગમાં બરાબર ગુરુમાઈજીની સામે બેઠું હતું.

જ્યારે સત્સંગ સમાપન તરફ આગળ વધી રહ્યો હતો અને સત્સંગના સૂત્રધાર, એસા સીગલ સત્સંગના સમાપન વિશે કહી રહ્યા હતા, ત્યારે આ બાળક ઊભું થયું. એ સ્પષ્ટ હતું, આ બાળક હજી શીખી રહ્યું હતું કે કેવી રીતે તેના નાના-નાના પગ પર ઊભા રહેવું, તેની અપાર ઊર્જા અને ઉત્સાહનું વહન કરવું.

તોપણ, તેની ગતિમાં દૃઢ નિશ્ચય હતો જ્યારે એ બાળક ચાલીને નજીકમાં બેઠેલી એક યુવા મહિલા પાસે ગયું, અને તેણે પહેરેલી બંગડીઓને ખેંચવા લાગ્યું. છેવટે, એ મહિલાની મદદ અને અનુમતિથી એ બાળકે તેના હાથમાંની એક બંગડી કાઢી લીધી, અને જતાવ્યું કે હવે એ બંગડી તેની થઈ ગઈ છે.

એ ક્ષણે, બાળકે ગુરુમાઈજી તરફ નજર કરી અને ગુરુમાઈજીએ તેની સામે જોયું, તેમની આંખોમાં એવો પ્રેમ હતો કે તે દૃશ્યની સ્મૃતિ, મહિનાઓ અને કદાચ વર્ષો પછી પણ લોકોના હૃદયને દ્રવિત કરી દેશે.

પછી એ નાના બાળકે તેની આંગળીઓમાં બંગડીને કસીને પકડી લીધી, તે પોતાના હાથ લાંબા કરીને ગુરુમાઈજીની દિશામાં ચાલવા લાગ્યું અને તેણે પોતાની ભેટ શ્રીગુરુમાઈને આપી દીધી.

એ જાણવું જરૂરી છે કે આ બાળકને હજુ શ્રીગુરુને ભેટ આપવા વિશે શીખવવામાં પણ આવ્યું ન હતું. પરંતુ જાગૃતિની એ ક્ષણમાં — જ્યારે તેના નાના કાનો દ્વારા તેણે માતૃદિવસ માટેની શ્રીગુરુમાઈની કવિતાના શબ્દોને સાંભળ્યા, જ્યારે તેણે બાબા મુક્તાનંદના ‘ચિત્‌શક્તિ વિલાસ’ના લેખનકાર્ય વિશે સ્વામી ઈશ્વરાનંદને સાંભળ્યા, જ્યારે તે નામસંકીર્તનના મધુર સૂરમાં ઓતપ્રોત થઈને ગુરુમાઈજીની સંગતિનો, સંઘમ્‌ની સંગતિનો આનંદ માણી રહ્યું હતું — ત્યારે તે એક પ્રકારના સહજ જ્ઞાનથી પ્રેરિત થઈ ગયું. તે જાણતું હતું કે તેણે પોતાની પાસેથી કંઈક આપવું જ જોઈએ; તે જાણતું હતું કે તેના અંતરમાંથી જે પ્રેમ વહે છે તેને મૂર્તરૂપે અભિવ્યક્ત કરવા માટે તેણે ગુરુમાઈજીને ભેટ આપવી જ જોઈએ. અને તેથી, તે બંગડી લઈને આગળ આવ્યું.

એ ક્ષણે ઉંમર મહત્ત્વની નહોતી. એ નાનું બાળક તેના હૃદયના આદેશનું પાલન કરી રહ્યું હતું, તેના હૃદયની પ્રેરણાનું પાલન કરી રહ્યું હતું.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.